# Telephone Conversation between Prime Minister and Japanese Prime Minister Mr. Abe Shinzo

September 10, 2020

## વડાપ્રધાન અને જાપાનનાં વડાપ્રધાન આબે શિન્ઝો વચ્ચે ટેલીફોન પર વાતચીત

સપ્ટેમ્બર 10, 2020

1. 10 સપ્ટેમ્બર 2020 નાં રોજ, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જાપાનનાં વડાપ્રધાન મહામહિમ આબે શિન્ઝો સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

2. તેઓનાં પારસ્પરિક વિશ્વાસ અને મિત્રતાની પુનઃપુષ્ટિ કરતા, બન્ને નેતાઓએ એકબીજાનાં દેસોમાં તેઓની મુલાકાતો દરમિયાનનાં સંસ્મરણો યાદ કર્યા હતા.

3. વડાપ્રધાન મોદીએ બન્ને દેશો વચ્ચેનાં સંબંધો ખૂબ જ મજબૂત કરવામાં વ્યક્તિગત કટિબદ્ધતા અને આગેવાની બદલ વડાપ્રધાન આબે તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

4. બન્ને નેતાઓએ ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીનાં ફ્રેમવર્ક અંતર્ગત મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીજ રેલ (MAHSR) પ્રોજેક્ટ સહિત પ્રવર્તમાન સહકારની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેઓ સંમત થયા હતા કે કોવિડ-બાદનાં વિશ્વમાં વૈશ્વિક સમુદાય માટે માર્ગનું ઘડતર કરવામાં બન્ને દેશો વચ્ચેની મજબૂત અને દિર્ઘકાલીન ભાગીદારી મહત્વની ભૂમિકા ભજવશે.

5. બન્ને નેતાઓએ ભારતીય સશસ્ત્ર બળો અને જાપનનાં સ્વ-રક્ષણ બળો વચ્ચે પૂરવઠાઓ અને સેવાઓનાં પારસ્પરિક પ્રાવધાન પરની સમજૂતિ પર હસ્તાક્ષર કરવાની બાબતને આવકારી હતી. તેઓ સંમત થયા હતા કે આ સમજૂતિ બન્ને દેશો વચ્ચે સંરક્ષણ સહકારની ગહનતા વધારશે અને ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં શાંતિ અને સુરક્ષામાં યોગદાન કરશે.

6. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી દરમિયાન એકબીજાનાં દેશોમાં નિવાસી નાગરિકોને પ્રદાન કરવામાં આવેલી સહાયતા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી અને સંમત થયા હતા કે બન્ને દેશો વચ્ચે લોકો-થી-લોકો વચ્ચેનાં મજબૂત જોડાણો જાળવી રાખવા આવા પ્રયાસો ચાલું રાખવા અનિવાર્ય છે.

7. બન્ને નેતાઓએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત-જાપાન ભાગીદારીએ હાંસલ કરેલો પ્રબળ વેગ ભવિષ્યમાં વણથંભ્યો ચાલું રહેશે. વડાપ્રધાન મોદીએ જાપાનની નવી સરકાર સાથે નજીકથી કાર્ય કરવાનો તેનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો અને વડાપ્રધાન આબેને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.